હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

બાપજી... ધર્મમાં સંસદ એ સાચુ કે સંસદમાં ધર્મ એ સાચું...??

આજે વિરાટ હિન્દુ સંમેલન

હિન્દુ સંમેલનમાં કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો થાય તેવી સંભાવના : વિહિપના પ્રવિણ તોગડિયા અને સુરેન્દ્ર જૈન તથા મોટી સંખ્યામાં પ્રમુખ સંતો હિન્દુ સભાને સંબોધન કરશે : ૪૫ હજારથી પણ વધુ લોકો ઉપસ્થિત રહેશે

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરના હેલ્મેટ સર્કલ નજીકના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આવતીકાલે વિરાટ હિન્દુ સંમેલન યોજાનાર છે. જેમાં રામ મંદિરની ગુંજ જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગુજરાતભરના પ્રમુખ સંતો અને વરિષ્ઠ નેતાઓ આમાં ઉપસ્થિત રહેનાર છે. આ સંદર્ભમાં જોરદાર તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. સમગ્ર માહોલને કેસરીયા બનાવવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ૪૫૦૦૦ થી વધુ હિન્દુઓ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પહોંચે તેવી શક્યતા છે. વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ તોગડિયા સહિતના આગેવાનો આ સંમેલનને સંબોધન કરનાર છે. રામ મંદિરના નિર્માણનો મુદ્દો આમાં જોરદાર રીતે ઉઠે તેવી શક્યતા છે. સાથે સાથે કોઈ ખાસ એજન્ડાને આખરી ઓપ આપવામાં આવે તેવી શક્યતા છે. કોઈ નવી જાહેરાત પણ અહીં કરવામાં આવી શકે છે. વિશ્વ હિંદુ પરિષદ ધ્વારા આવતીકાલે સવારે હેલ્મેટ સર્કલ પાસેના જીએમડીસી ગ્રાઉન્ડ પર દરેક હિંદુઓના દિલની વાતના સુત્ર સાથે વિશાળ હિંદુ સંમેલનનું આયોજન કરાયું છે. આ હિંદુ સંમેલનમાં સ્વાભાવિક પણે અત્યારના આંદોલનને જોતાં અયોધ્યાના રામ મંદિર નિર્માણની ગુંજ ઊઠશે. જો હિંદુ હિત કી બાત કરેગા, વહી દેશ મેં રાજ કરેગા, પ્રથમ કાર સેવા મેં હમને ધ્વજ ભગવા લહરાયા થા, અપમાન સહે, બલિદાન સહે પર પીછે પૈર ના હટાયા થા, રામ કે ભક્તોને ફિર સે આગે કદમ બઢાયા હૈ, આવો ચલો અયોધ્યા દામ, બુલા રહે હૈ પ્રભુ શ્રી રામ જેવાં ગીતો અને સુત્રોથી આવતી કાલે જીએમડીસી ગ્રાઉન્ડ ગૂંજી ઊઠશે અને અમદાવાદમાંથી આશરે વીસ હજારથી વધુ અને રાજયનાં ગામડે ગામડેથી વીસ હજારથી વધુ એમ અંદાજે ૪૫ હજાર હિંદુઓ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હાજર રહેશે અને વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય સંયુક્ત મહામંત્રી ડૉ.સુરેન્દ્ર જૈન, બજરંગદળના રાષ્ટ્રીય અધ્યક્ષ વર્માજી, સારસાના અવિચલદાસજી મહારાજ, જગન્નાથ મંદિરના દિલીપદાસજી મહારાજ અને ઝુંડાલના પુરુષોત્તમદાસજી મહારાજ વગેરે મહાનુભાવો આ વિશાળ હિંદુ સંમેલનને સંબોધશે. શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણના આંદોલન વખતે ગુજરાતના ૧૨ હજાર ગામમાંથી અયોધ્યા ખાતે શ્રીરામ શીલા પહોંચાડાઈ હતી. આવતીકાલના હિંદુ સંમેલનનો રાજયના ૧૩ હજાર ગામમાં વિહિપની સ્થાયી સમિતિ બનાવીને સંસ્થાનો વિસ્તાર કરવાનો અમારો મુખ્ય ઉદ્દેશ છે. હાલના તબક્કે સાત હજાર ગામમાં વિહિપની સ્થાયી સમિતિ છે અને બે હજાર ગામમાં વિહિપનો સંપર્ક છે. શ્રીરામ મંદિરનો મુદ્દો તો સ્વાભાવિકપણે ચર્ચાશે. પરંતુ ગુજરાતભરમાંથી હાજર રહેનારા ૧૫૦ સંતો સંમેલનમાં વિહિપને માર્ગદર્શન આપશે.

નર્મદા પરિક્રમા યાત્રાના ગામોના વિકાસ માટે રજુઆત કરાશે

ગાંધીનગર, તા.૨૫

નર્મદા કિનારાના વિકાસના કામો તેમજ નર્મદામાં પાણી વહેતુ રાખવા બાબતે મા નર્મદા પરિક્રમા યાત્રા સંઘ ભરૂચ દ્વારા વિવિધ રજુઆતો કરવામાં આવેલ છે. આ અંગે વિવિધ રજુઆતોને સબળ સંગઠન મળે તે માટે તા. ૭મી મેના રોજ બપોરે બે વાગે અંગારેશ્વર મહાદેવ માલસર ખાતે એક જાહેર મીટીંગનું આયોજન કરેલ છે.

આ મીટીંગમાં ચર્ચા થનાર પ્રશ્નો જેવા કે ગુજરાતની તમામ નદીઓનું જોડાણ કરી નદીઓને સુશોભિત પિચીંગ પથ્થર લગાવી પાણી વહેતું રહે તેમ કરવું. શ્રી રંગ અવધૂત મહારાજની ૫૦મી પૂણ્યતિથિને અનુલક્ષીને મા નર્મદાની મીની પરિક્રમા ભરૂચ ભાડભુતથી ગરૂડેશ્વરથી નિલકંઠ મહાદેવ સુધી ૧૧ કોસી પદયાત્રાનું આયોજન કરવામાં આવશે. માલસર-અસા ગામને જોડતો પુલ મોટી કોરલથી ભાડોદને જોડતો પુલ બનાવવો. નર્મદાના કિનારાના પુર્વ પશ્ચિમના ગામોથી તીર્થ સ્થાનોએ નદીના ઘાટની આજુબાજુ પિચીંગ પથ્થર તથા ફીવર એકસેટીકા બનાવવી.

મા નર્મદા કિનારા પર આવેલા સાત બેટો જેમ કે અલીયાબેટ, દિવાબેટ, વ્યાસબેટ, બાગબગીચા, ધર્મશાળા નિર્માણ કરવી જોઈએ. હરદ્વારની જેમ ભારત માતાનું મંદિર બનાવવા માટે મા અનસુયાજી મંદિરનો જીર્ણોદ્ધાર કરી ધાર્મિક ધામ બનાવવા બાબત, નીલકંઠ મહાદેવ, ઝાડેશ્વર, શુકલ તીર્થ, નારેશ્વર અનસુયાજી માલસર કુંબેરભંડારી સ્વામિનારાયણ મંદિર પોઈચા ગરૂડેશ્વર ખાતે નર્મદાની મહાઆરતી પૂજન અર્થે હરકીપેડીની જેમ ૧૨ પેડી બનાવવી.

ઉચ્ચ આઈપીએસ અધિકારીઓની બઢતી બદલીનો તખ્તો તૈયાર

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય પોલીસદળમાં બઢતી અને બદલીનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ચાર ઉચ્ચ આઈપીએસ અધિકારીઓને બઢતી આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને ટૂંકમાં બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ખાલી પડેલી બે એડીશનલ ડી.જી.ની અને નવી ઉભી કરાયેલી બે ડી.જી.ની જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉચ્ચ આઈ.પી.એસ. અધિકારીઓને બઢતી આપવા માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની બેઠક યોજાઈ ગઈ છે. અને પ્રવરતા પસંદગી યાદી તૈયાર કરીને જી.પી.એસ.સી.ની મંજુરી મેળવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકારે તાજેતરમાં જ ગુજરાતમાં નવી બે ડીજીની જગ્યાઓ ઉભી કરવા મંજુરી આપતા આ બન્ને જગ્યાઓ ખાલી પડી છે. આ ઉપરાંત ત્રણ એડીશનલ ડી.જી.ની જગ્યાઓ પણ ખાલી પડી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સીવાનંદ ઝા અને તીર્થરાજ ડી.જી. બનશે જ્યારે મનોજ અગ્રવાલ સમશેરસિંઘ અને સિદ્ધરાજસીંહ ભાટી એડીશનલ ડી.જી. બને તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

થલતેજ-શીલજ-રાંચરડા રોડ પર રેલવે ઓવરબ્રીજનું ખાતમુહૂર્ત

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ તથા ભારતીય રેલવે દ્વારા અમદાવાદ વિરમગામ બ્રોડગેજ લાઈન પર રૂ. ૬૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઓવરબ્રીજનું ખાતમુહૂર્ત નાયબ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'ભારતીય રેલવે અને ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સંયુક્ત ઉપક્રમે નિર્માણ પામનાર આ ઓવરબ્રીજથી પીક અવર્સમાં ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આ રેલવે ક્રોસિંગ પર ૨૪ કલાકમાં અંદાજે ૧૦૧ ટ્રેનો (જેમાં ૬૫ ગુડ્સ ટ્રેનો તથા ૩૫ પેસેન્જર ટ્રેનો) નિયમિત પસાર થાય છે જેના કારણે વારંવાર ફાટક બંધ થઈ જતાં અવર-જવર કરતા લોકોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ વિસ્તારના લોકોની માંગણીને ધ્યાનમાં લઈને રીંગરોડ સાથે જોડતા આ ઓવરબ્રીજથી નાગરિકોના સમય અને ઈંધણનો બચાવ થશે. નવી ટેકનોલોજીથી બનનાર આ ઓવરબ્રીજની લંબાઈ ૯૦૩.૭૬ મીટરની રહેશે તથા ચારમાર્ગીય રસ્તો બનશે. જેનું કાર્ય ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.'

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત મુખ્ય મહેમાન અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, 'આ રસ્તા પરથી થોળ પક્ષી અભ્યારણ્ય, કડી, કલોલ અને થલતેજ-રાંચરડા ટી.પી. સ્કીમો તેમજ અમદાવાદ શહેરને જોડતો રીંગ રોડ પણ પસાર થાય છે. જ્યાં વર્ષોથી પડતી લોકોની આ તકલીફનો હવે કાયમી ઉકેલ આવી ગયો છે. સતત વિકાસ પામતા અમદાવાદ શહેરના આપણે સૌ ભાગીદાર બન્યા છીએ એ ગર્વની વાત છે.

રેલવે ઓવરબ્રીજના આ ખાતમુહૂર્ત પ્રસંગે અમદાવાદ શહેરના મેયર ગૌતમભાઈ શાહ, અતિથિ વિશેષ તરીકે સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વેજલપુરના ધારસભ્ય કિશોરભાઈ ચૌહાણ, ઔડાના ચેરમેન ભૂપેન્દ્રભાઈ પટેલ, મહાનગર પાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન, દંડક તથા ડેપ્યુટી મેયર અને કાઉન્સિલરો સહિત માર્ગ અને મકાન વિભાગ અમદાવાદના મુખ્ય ઈજનેર તથા મદદનીશ ઈજનેર સાથે વિશાળ સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા, ડભોડા, વડોદરા, પાલજ ગ્રામ પંચાયતની મહિલા સદસ્યોએ વિધાનસભાની મુલાકાત લીધી

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ચિલોડા, ડભોડા, વડોદરા તથા પાલજ ગ્રામ પંચાયતમાં નવા વરાયેલા મહિલા સરપંચો તથા સદસ્યો માટે ભાજપના મહિલા અગ્રણી સરોજબેન એસ. ઠાકોરના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિધાનસભાનીમુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત સંદર્ભે લકઝરી બસો અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સાથે વિધાનસભાની કાર્યવાહી નિહાળી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના પ્રાસંગિક પ્રવચનનો લ્હાવો લીધો હતો ત્યારબાદ બ્રહ્મસમાજભવન ખાતે ભોજન લીધા બાદ મહાત્મા મંદિર ખાતે પ્રવાસ કરી મહિલા સદસ્યોએ ખુશી વ્યકત કરી હતી.

પી. જી. મેડીકલમાં પ્રવેશ માટેના નિયમો જાહેર કરાયા

ગાંધીનગર, તા.૨૫

પી.જી. મેડીકલ કોર્સીસમાં પ્રવેશ માટેના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. પી.જી.મેડીકલમાં પ્રવેશ માટે એક જ એડમિશન કમિટિ મારફત સીંગલ વિન્ડો સીસ્ટમ પ્રમાણે તમામ પી.જી. મેડીકલ બેઠકોનું સેન્ટ્રલાઈઝડ કાઉન્સેલીંગથી પ્રવેશ પ્રકીયા કરવામાં આવશે.

રાજયમાં વર્ષ ૨૦૦૧માં ૧૦ મેડીકલ કોલેજો અસ્તિત્વમાં હતી. રાજય સરકારના સઘન પ્રયત્નોથી વર્ષ ૨૦૧૭ સુધીમાં વધારો થઈને હાલ રાજયમાં ૨૨ મેડીકલ કોલેજો કાર્યરત છે આ કોલેજોમાં એમબીબીએસની સીટો વર્ષ ૨૦૦૧થી ૨૦૧૭ના સમયગાળા દરમિયાન ૧૨૭૫થી વધીને ૩૫૩૦ બેઠકો થયેલ છે. આમ કુલ ૨૨૫૫ બેઠકોનો વધારો થયેલ છે.

રાજયમાં પીજીની સીટો વર્ષ ૨૦૦૪માં ૮૦ હતી જેમાં વધારો થઈ વર્ષ ૨૦૭ સુધીમાં ૧૬૮૭ બેઠકો થયેલ છે. રાજય સરકારે પીજી સીટોમાં હજુ વધારો કરવા માટે કેન્દ્ર સરકારને રજુઆત કરેલ હતી જે અનુસંધાને તાજેતરમાં રાજયની સરકારી અને મ્યુનિસીપલ કોલેજો અને જીએમઈઆરએસ મેડીકલ કોલેજોમાં સીટો વધારવાનો નિર્ણય કેન્દ્ર સરકારે કરેલ છે. આ બેઠકો વધારવાના નિર્ણયના કારણે રાજયમાં અંદાજે હજુ ૧૨ વધુ સીટો ઉપલબ્ધ થવાની શકયતા છે. જેનો વર્ષ ૨૦૧૭ની પી.જી. બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં સમાવેશ થશે.

એસ.બી.આઈ. નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા કોબા ખાતે ૨ દિવસીય શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા પ્રેક્ષા ભારતી કોબા ખાતે ૨ દિવસની શિબિર યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને કટાર લેખક અશ્વિન ત્રિવેદીએ વીલ તેમજ પ્રોબેટ સર્ટીફિકેટ મેળવવા અંગે કાયદાકીય માર્ગદર્શન આપ્યુ.

જેમાં ગુજરાતભરમાંથી આવેલ અધિકારીઓએ કાયદાકીય માહિતી મેળવી તેમજ કાયદાકીય પ્રશ્નોની રજૂઆત કરીને સરળતાથી ઉકેલ મેળવ્યો હતો. એસોસિએશનના પ્રમુખ કિશોરભાઈ ત્રિવેદીએ શિબિરની વ્યવસ્થા કરી હતી. આ પ્રસંગે નેચરોપેથી તથા ગ્રાહક સુરક્ષાલક્ષી વ્યાખ્યાન પણ યોજાયા હતા. બે દિવસ ચાલનાર આ શિબિરનું રવિવારે સાંજે સમાપન કરવામાં આવશે. જેમાં યોગ, જીવન જીવવાની કલા, તેમજ તંદુરસ્તથી જીવન અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

શ્રી સ્વામિનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટમાં ટેકનિકલ ફેસ્ટિવલ 'EXORA-17'

શ્રીસ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ કોલેજ ખાતે ૨૫-૨૬ માર્ચના રોજ ટેકનિકલ ફેસ્ટિવલ 'EXORA-17' પ્રોગ્રામ પૈકી વિદ્યાર્થીઓ દ્વારા ટેકનિકલ અને સાયન્સ પ્રોજેક્ટ તથા મોડલના એક્સિબિશન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામમાં રોબોટ રેસ અને રોબોટની દોરડા ખેંચની સ્પર્ધા રાખવામાં આવી હતી. ઓટોકેડ કંપની ૩-ડી પ્રંટર દ્વારા મોડલ માટેનો વર્કશોપ તથા હેન્ડસ-ઓન અને ઈલુમીનેશન કંપની દ્વારા ઈલેક્ટ્રિકલ 'panel designનો વર્કશોપ દ્વારા એન્જીનિયરિંગ વિદ્યાર્થીઓને નવીનત્તમ ટેકનોલોજીથી માહિતગાર કરવામાં આવેલ હતા. અંતે વધુમાં કોલેજ દ્વારા ટેકનિકલ સ્કિલ અને આઈડિયા દ્વારા ભારતને ન્યુ-ઈન્ડિયા બનાવવા માટે યુવાનોને તૈયાર થવા આહ્વાન કર્યું હતું.

Change of Name

I am declare That my name is "Varun Upadhyaya" and "Varun Upadhyay" Both names are my names and Both are one and same person. The same person as stated above in both documents and I hereby declare that he is known and called by the name of Varun Upadhyay. So change in my name as in my passport Varun Upadhyaya to Varun Upadhyay.

Sd/-
Varun Upadhyay.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તાપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in